ફોજદારી કેસમાં થયેલ પોલીસ તપાસની કેસ ડાયરીની નિભાવણી બાબત.

## ગૃહ વિભાગ
## ગુજરાત સરકાર
**પરિપત્ર ક્રમાંકઃવસફ/૧૦૨૦૧૫/કોર્ટ-૧૪૨/ડ**
**સચિવાલય, ગાંધીનગર**
**તારીખઃ ૩૧/૦૮/૨૦૧૫**

વંચાણે લીધાઃ(૧) સ્પે. ક્રિમીનલ એપ્લી.(હેબીયસ કોર્પસ) નં.૩૮૧૯/૨૦૧૫માં નામ.ગુજરાત હાઇકોર્ટે તા.03/૦૮/૨૦૧૫થી આપેલ મૌખિક હુકમ
(૨) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના તા.૧૯/૦૮/૨૦૧૫ના પરિપત્ર(૧/૧૫) ક્રમાંકઃજી-૧/ક્રાઇમ / ટે.૨/કોર્ટમેટર-૧૨૭/૧૫/૩૬૫૦/૨૦૧૫

પરિપત્રઃ

નામદાર ગુજરાત હાઇકોર્ટમાં અરજદાર નાસીરખાન ગુલામનબીખાન પઠાણ દ્વારા રાજ્ય સરકાર વિરુદ્ધ દાખલ કરેલ સ્પે. ક્રિમીનલ એપ્લી.(હેબીયસ કોર્પસ) નં.૩૮૧૯/૨૦૧૫માં નામ.ગુજરાત હાઇકોર્ટે તા.03/૦૮/૨૦૧૫થી આપેલ મૌખિક હુકમ મુજબ રાજ્યના પોલીસ સ્ટેશનમાં નિભાવવામાં આવતી ફોજદારી કેસમાં થયેલ તપાસની કેસ ડાયરી બાબતમાં જરૂરી સૂચનાઓ બહાર પાડવા રાજ્ય સરકારને આદેશ કરેલ છે.

પ્રસ્તુત પીટીશનના કામે નામ. ગુજરાત હાઇકોર્ટમાં વટવા પોલીસ સ્ટેશન દ્વારા ગુના રજી.નં. ફ. ૫૯/૨૦૧૫માં કરવામાં આવેલ તપાસની રજૂ થયેલ કેસ ડાયરી છૂટા કાગળો સ્વરૂપે અસ્તવ્યસ્ત હોઇ જેની નામ.હાઇકોર્ટે ગંભીર નોંધ લઇ, નારાજગી વ્યક્ત કરેલ છે અને જોગવાઇ મુજબ કેસ ડાયરીનું પેજીંગ કરી, પેજ વાઇઝ ચોક્કસ બાઇન્ડીંગ કરી તેની નિભાવણી કરવા દિશાનિર્દેશ કરેલ છે.

નામ.હાઇકોર્ટે કરેલ દિશાનિર્દેશ મુજબ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૭૨ની પેટા કલમ (૧) (એ) અને (૧) (બી)માં થયેલ જોગવાઇ મુજબ કેસ ડાયરીનું પેજીંગ કરી, પેજ વાઇઝ ચોક્કસ બાઇન્ડીંગ કરી તેની નિભાવણી કરવા તથા ગુજરાત પોલીસ મેન્યુઅલ, વોલ્યુમ-૩ના પ્રકરણ-૬ના નિયમ ૨૪૦ ના પેટા નિયમ ૭માં સુનિશ્ચિત કરેલ જોગવાઇ મુજબ કેસ ડાયરીની સુવ્યવસ્થિત નિભાવણી કરવામાં આવે તે માટે રાજ્ય સરકારને સૂચના બહાર પાડવા આદેશ કરેલ છે.

આથી, દરેક ફોજદારી કેસમાં થયેલ પોલીસ તપાસની કેસ ડાયરી રોજ બરોજ તપાસ દરમ્યાન તપાસ કરનાર અમલદારે લખવાની રહેશે અને હાલમાં કમ્પ્યુટર ઉપર ટાઇપ કરીને કેસ ડાયરી ઇગુજકોપ માં અપલોડ કરવાની જગ્યાએ આ બાબતમાં નિયમોનુસાર પોતાના

હસ્તાક્ષરે લખેલ કેસ ડાયરી જ ઇગુજકોપમાં અપલોડ કરવાની રહેશે. આ કેસ ડાયરી ગુજરાત પોલીસ મેન્યુઅલ, વોલ્યુમ-૩ના પ્રકરણ-૬ના નિયમ ૨૪૦ મુજબ સુવ્યવસ્થિત નિભાવવામાં આવે અને તપાસની કામગીરી પૂર્ણ થયેથી કેસ ડાયરીનું પેજીંગ કરી, પેજ વાઇઝ ચોક્કસ બાઇન્ડીંગ કરી તેની નિભાવણી વ્યવસ્થિત કરી અને પોલીસ સ્ટેશન/કચેરીમાં સુવ્યવસ્થિત રીતે કેસ ડાયરી નિભાવવા સારુ સંબંધિત તમામ પોલીસ અધિકારીશ્રીને સૂચના આપવામાં આવે છે.

પ્રસ્તુત સૂચનાઓથી તમામ તપાસનીશ અધિકારીને અવગત કરાવવા ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૭૨ તથા ૧૭૨ (૧) (એ) અને (૧) (બી) ની વિગત તથા ગુજરાત પોલીસ મેન્યુલ વોલ્યુમ-૩ના પ્રકરણ-૬ના નિયમ -૨૪૦ ની નકલ આ સાથે સામેલ સામેલ રાખેલ છે, તે ધ્યાને લઇ તમામ તાબાના અધિકારી નિયમોની જોગવાઇ મુજબ કાર્યવાહી કરે તેવી વ્યવસ્થા સુનિશ્ચિત કરવા સર્વેને આથી જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(ધીમંત એ. પટેલ)
નાયબ સચિવ
ગૃહ વિભાગ

પ્રતિ
પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
પોલીસ મહાનિદેશકશ્રી, સી.આઇ.ડી. (ક્રાઇમ અને રેલ્વેઝ), ગુજરાત રાજ્ય, ગાંધીનગર
અધિક પોલીસ મહાનિદેશકશ્રી, (ઓપરેશન), આતંકવાદ વિરોધી દળ, ગુજરાત રાજ્ય, અમદાવાદ
સર્વે સચિવશ્રી / નાયબ સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
સર્વે પોલીસ કમિશ્નરશ્રી,
સર્વે રેન્જપોલીસ અધિકારીશ્રી,
સર્વે પોલીસ અધિક્ષકશ્રી, (પશ્ચિમ રેલવે સહિત)
ગૃહ વિભાગની સર્વે શાખાઓ
સેક્શન અધિકારી (આઇ.ટી સેલ), વેબ સાઇટ પર અપલોડ કરવા સારુ
નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ
શાખા સિલેક્ટ ફાઇલ